સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૦ / શુમારો : ૬

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ફુલ પાના - ૧૦+૨

مشکوة الهادی

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ જુમાદીલ આખર ૧૪૩૨ હી., ૪-૫-૨૦૧૧

# -::: મુમિનની મૌત, ઝિંદગી છે ..... કઈ તરહ ? :::-

### ✷ મુસલમાન કૌન છે અને મુમિન કૌન છે ?

મુમિનની ઝિંદગીમાં મીસાકની ઘણી એહમીયત છે. સબબ કે, એની ઝિંદગી તેમજ મૌત ઈમાનની શરતોની પાબંદી પર આધાર રાખે છે. એક આમ મુસલમાન અને મુમિનમાં એ ફરક છે કે, મુસલમાન ફક્ત શરીઅતના ઝાહિરી પહેલૂ અને અરકાન, જેમકે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અને જેહાદ પર અમલ કરતો હોય છે, કેમકે, આ અરકાન ઈન્સાનના બદનના ઝાહિરી આઅઝા સાથે તઅલ્લુક રાખે છે. **એક મુમિનની ઝિંદગી ઇમાન સાથે રિશ્તો રાખે છે કે, જે ઇમાનની બુનિયાદ મુમિનના દિલમાં છે.** મુસલમાન, શરીઅતના અરકાનને જે તે શિક્લમાં એના જિસ્મના ઝાહિરી હિસ્સાઓથી અદા કરે છે તેની ખબર પડતી હોય છે. આ શરીઅતના થાંભલાઓ અને અમલો અદા કરવાની મૌસમ અને વક્ત મુકર્રર હોય છે. પણ જહાઁ તક મુમિનના ઈમાનની વાત છે, તો તે દિલથી અદા કરવાનું હોય છે અને તેની અદાયેગી નો માપ નિકાલવા વાસ્તે અને દિલની કેફીયત તપાસવા વાસ્તે કોઈ આલો-મશીન બનું નથી. ઈમાનનું નામ જેટલું લેવું સહેલું છે એટલું જ તેને નિભાવવું દુશ્વાર, સખ્ત અને મહેનત-મશક્કતવાલું છે. ઈમાન સાથે શરીઅત-દીનનો બાતિની પહેલૂ તેમજ અલ્લાહની, તેના રસૂલની, રસૂલની આલના ઈમામની તાઅત જોડાયેલી છે. આનાથી મઝીદ જે ચીઝો અલ્લાહતઆલાએ આસ્માન અને ઝમીનને દરમિયાન પૈદા કીધેલી છે જે આઁખોથી દેખાતી નથી, તે ચીઝો પર પણ ઈમાન લાવવું છે. **આ તમામ શરતો અને ઊસૂલ પર ચાલનારને જ ખરો મુમિન કહેવાય છે.** ઈમાનની આ શરતોની અદાએગી પૂરી પાબંદી સાથે થાય અને જે શખ્સ તેના પર પૂરા ખુલૂસ સાથે અમલ કરે એ જ મુમિન કહેવાય. આ બંદિશ પર નિગાહ રાખવા વાસ્તે ઈસ્માઈલી તૈયેબી દાઅવતમાં હાલમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની નિયાબત-નુમાઈંદગી દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) કરી રહ્યા છે. જેઓ આપ ઈમામના અકીદામાં માનનાર લોગોનો, ઈમામની સતરની હાલતમાં ઈમાનની પુખ્તગી સાથે દીનની કમાલીયતનો મીસાક લઈ રહ્યા છે. અલ્લાહ અને તેના રસૂલ બાદ ઊલુલ અમર (ઈમામ-દાઈ) ની ઈતાઅત ફરમાને કુરઆનથી સાબિત છે, તે સબબ ઈમામુઝ્ઝમાન (અ.સ.) દીન-શરીઅતને મદ્દે નઝર રાખીને એમના માનનારા મુમેનીનનો દીનના ઊસૂલ પર ચાલવાનો ઈકરાર કરાવીને તેના પર અમલ કરવાનો મીસાક લે છે.

### ✷ જિસ્માની અને રૂહાની તરબીયત :-

અલ્લાહતઆલાએ મુમિનને બે ઝિંદગી આપેલી છે : (૧) જિસ્માની ઝિંદગી. (૨) રૂહાની ઝિંદગી. એની જિસ્માની ઝિંદગીનો સફર ફક્ત દુનિયામાં એ જેટલા વરસો રહે છે એટલો જ છે અને રૂહાની ઝિંદગીનો સફર એની મૌત બાદ શુરૂ થાય છે. જહાઁ તક, અદલે ઈલાહી અને ઈનાયતે ઈલાહીયાહ એને કોઈ પણ બીજા દૌરમાં પૈદા ન કરે ત્યાં તક નો આ સફર હોય છે. આ બન્ને તરહની ઝિંદગીની ખૈરીયત, બલંદી, એની જિસ્માની ઝિંદગીની સફરની મુદ્દતમાં એ કેટલા આઅમાલે ખૈર કીધા તેના પર બુનિયાદ રાખે છે, જેમ દુનિયામાં ઈન્સાનની ઝિંદગીનો સફર એના માઁના પેટમાં ૯ મહીના રહેવાની સેહત પર આધાર રાખે છે. પેટમાં રહેવાની સલામતી

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**બીજાની બહેતરી અને ભલાઈ વાસ્તે ઝિંદગી જીવનાર ઈન્સાન, સાચો ઈન્સાન છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***મુમિનની મૌત, ઝિંદગી છે.....***

એનો જિસ્માની ઉછેર અને તે દરમિયાન માઁની હલાલની ગિઝા બરાબર હોવાથી ઈન્સાનની દુનિયામાં પૈદાઈશ બાદ, એની દુનિયાવી સફર ખૈર-ખૂબીથી શુરૂ થાય છે. તે જ મુજબ દુનિયામાં મૌત બાદ આખેરતની રૂહાની સફરની સઆદત, નૈક-બખ્તી, સવાબ અને અજર, દુનિયામાં સિન્ન-બુલૂગ (અકલ આવવાની ઉંમર) પર પહોંચા બાદ, ઈમામે હક્કને મીસાક આપા બાદ, ઈલ્મો અમલ બજાવી લાવા બાદ હાસિલ થાય છે. તો દુનિયામાં પહેલી વિલાદત થયા બાદ ઈન્સાન જે વક્ત બુલૂગીયતની ઉંમર પર પહોંચે છે, એહતેલામ થાય છે, અકલ પુખ્તા થાય છે તો એને રૂહાની વાલેદૈનને સિપુર્દ કરવામાં આવે છે કે, જે એનો મીસાક લઈને એને ઈમાનના દાએરામાં દાખિલ કરી દે છે. **રૂહાની રહેનુમાના હાથ પર જે બચ્ચું ઇમાનના દાએરામાં દાખિલ થયું તો તે એની રૂહાની વિલાદત થઇ.** જિસ્માની વિલાદતને વક્ત એની રૂહ ઈલ્મો અમલથી પ્યાસી હોય છે અને આ પ્યાસને બુઝાવવા એને એની મૌત તક રૂહાની વાલેદૈનને નઝદીક કોશિશ કરવી પડે છે. દુનિયામાં એની પૈદાઈશ થયા બાદ એના વાલેદૈન કે માઁ-બાપ એને દુનિયાની ઝમીનમાંથી ઉગેલી ભારી તેમજ હલકી ગિઝા આપે છે, જેથી એના જિસ્મને તાકત મિલે છે. યહાઁ તક કે, એના બુલૂગીયતની ઉમર પર પહોંચવા તક એના તમામ આઅઝા ચુસ્ત અને કામિલ થઈ જાય છે, જેના બાદ તેમાં તબ્દીલી થાવાની કોઈ ગુંજાઈશ રહેતી નથી.

જો એની ઝિંદગીના આ ઈબ્તેદાઈ ૧૫ સાલને દરમિયાન એને બરાબર જિસ્માની ગિઝા ન મિલે તો એના જિસ્મની તાકતમાં કમી અને કુસૂર રહી જાય છે અને એનું જિસ્મ કમ્ઝોર બની રહે છે. આ જ મિસાલ પર રૂહાની વાલેદૈનને સિપુર્દ થયા બાદ, એ બચ્ચાનો મીસાક થાય છે તો તે વક્ત એની નફસ અને રૂહને બલંદી પર ચઢવા વાસ્તે રૂહાની ખોરાક અને ગિઝાની ઝરૂરત પડે છે. **રૂહને વાસ્તે ઇલ્મની ઝરૂરત છે અને નફસને વાસ્તે અમલની ઝરૂરત છે.** આ બેવેનું મિલન-સંગમ થાય છે, તો ઈન્સાનની રૂહાની સૂરત બને છે કે, જે એના ઉસ્તાદ અને મુઅલ્લિમ જે તે ઝમાનમાં સાહબે દાઅવત હોય યા હુદૂદે દાઅવતમાંથી કોઈ એક હદ હોય, એમની સંગત અને સોહબતમાં એનો મઆદ થાય છે, નજાતનો સરઅંજામ થાય છે, આખેરતમાં મકામ તય થાય છે. આથી સાબિત થયું કે, રૂહાની રહેનુમાની હક્કાનીયત પર એનું હકીકી ઈલ્મ અને અમલ મુન્હસિર હોય છે. જે હકીકી ઈલ્મને હક્કનો મુમિન હાસિલ કરે છે અને હક્કના લોગોને સાથે રહીને હકીકી દીન-મઝહબ પર ચાલે છે તો જ એની મઆદ અને નજાત હક્કની દાઅવતના મરતબાઓમાં થાય છે. તેથી જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **ભૂંડો તે જ શખ્સ છે જે એના માઁના પેટમાં ભૂંડો હોય અને નૈક-બખ્ત તે જ શખ્સ છે જે એના માઁના પેટમાં નૈક-બખ્ત હોય.** આપ મઝીદ ફરમાવે છે કે, મુમેનીનની અરવાહે સાલેહીનના ટોલાઓ, સિપાહીઓના ટોલાઓ મુજબ ગિરોહબંધીમાં રહે છે, જો અગર કોઈએ આ ગિરોહબંધીના ટોલાઓ માં મોહબ્બતથી ઝિંદગી ગુઝારી તો આખેરતમાં એનો હશર તેઓની સાથે જ થાશે. જેએ હક્કના સાહબના હક્કના મુમેનીનથી આ દુનિયામાં ઈન્કાર કીધો, એનો આખેરતમાં પણ અરવાહે સાલેહીનથી એટલો જ દૂર હશર થાશે. અહલુલ બૈત (અ.સ.) એ ફરમાવું છે કે, મુમિન, પાકો અને સાચો મુમિન બનતો જ નથી, યહાઁ તક કે, દુનિયાથી ગુઝરી જાવા પહેલા એની જગા પર બીજા મુમિનને કાઈમ ન કરે.

**✳ સરદાર અને એમના સાથેનો રિશ્તો :**

લેહાઝા આ દારે દુનિયામાં હકીકી નસ્સના સાહબ અને દાઅવતે હક્કના અલમબરદાર, પછી તે નબી-વસી-ઈમામ-દાઈ હોય, એ હર ઝમાનમાં એમ ચાહે છે કે, મુમિન દાઅવતના હકીકી ઈલ્મથી ફૈઝ હાસિલ કરીને એની ઝિંદગીના મકસદ પર પહોંચે. આ ઈલ્મથી એના અમલનો મજમૂઓ બનાવે અને હક્કના દાએરામાં રહીને મીસાક-બયઅતને માતહત એક મિસાલી ઝિંદગી ગુઝારે. આ સબબથી સાહબે હક્ક પોતાના માનનાર

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**સહી જમન, સહી વક્ત પર જમવું, સહી મિકદારમાં જમવું, તે ઈન્સાનની સેહતનો પાયો છે.**

*(પેજ નં. ૨ નું બાકી)*

***મુમિનની મૌત, ઝિંદગી છે.....***

અકીદતમંદો માંથી કોઈ એક પણ શખ્સ ગુમ્રાહ થાય અને હક્કના દીન-અકીદાથી બહેકે એમ ચાહતા નથી. ઈમાનનો તઅલ્લુક ઈન્સાની દિલ સાથે હોવાથી દાઅવતના હરમમાં રહેનારા તમામ મુમેનીન સાહબે દાઅવતના દિલ સાથે રૂહાની રિશ્તાથી જોડાયેલા હોય છે. તબીઅતનો કાનૂન છે કે, ઘરના તમામ લોગો એમના ઘરની છતને નીચે જ જમાઅ થાય છે. મધમાખીઓ જંગલમાં ફિરી-ફિરીને પણ તેની રાનીના હુકમના તાબેઅદાર હોય છે અને પોતાની ખિદમત અંજામ આપીને એક જગા યાઅની તેના પૂડામાં જમાઅ થાય છે. ઝમીનમાં રહેતી લાલ, કાલી અને સફેદ કીડીઓ-ઉધઈ તેના રઈસના તાબેઅદાર હોય છે અને રઈસની ઝિંદગી-હરકતથી તેની ઝિંદગી-હરકત હોય છે. દિનમાં રસ્તા પર ઘૂમતા-ફિરતા ચાર પગા ઢોર રાતે તેના માલિકના ઘરના સાયામાં જમાઅ થઈ જાય છે. **તે જ મુજબ તમામ મુમેનીનનો રૂહાની અને જિસ્માની રિશ્તો અને રાબેતો સાહબે હક્ક-રૂહાની રઈસ ઇમામુઝ્ઝમાન (અ.સ.) સાથે હોય છે.** જે મુજબ રૂહાની કનેક્શનના સબબ એક ઘરમાં ઈલેક્ટ્રીક ફીટીંગમાં કરંટના સપ્લાયમાં માઅમૂલી ઊંચ-નીચ થાવાના સબબ મેઈન સ્વીચ પર આઁચ આવે છે અને ઘરમાં રોશનીમાં ફરક પડે છે, તે જ મુજબ રૂહાની ઈત્તેસાલ-કનેકશનના સબબ ઈમામે હક્ક હર એના માનનારાની દીન-અકીદા અને ઈલ્મ-અમલની કૈફીયતથી આગાહ હોય છે. જેમાં ફરક-તબ્દીલી અને ફસાદ વાકેઅ થાવાથી ઈમામે હક્ક ફિકર અંગૈઝ થાય છે અને એના માનનારાને હિદાયતના નૂરથી સંભાલી લઈને હબ્લુલ્લાહિલ મતીનથી બાંધીને રાહે હક્ક પર પાછા લગાવી દે છે. જે શખ્સને આ હિદાયતનું નૂર નસીબ નથી થાતું એ રાહે બાતિલ પર ભટકતો રહે છે અને આખિર ગુમ્રાહીની ગુમનામ જગાઓ પર પોતાની ઝિંદગીને ખોઈ બેસે છે.

આ માનનારાઓના ગિરોહમાં બાઝ લોગો હિદાયતના નકશે કદમ પર ચાલીને બયઅતે ઈમામે હક્કને ગલે લગાવીને પોતાની ઝિંદગી સઁવારતા હોય છે અને બાઝ લોગો ફક્ત રસ્મ સમઝીને તેની એહમીયતને નઝરઅંદાઝ કરતા હોય છે. હમેં યહાઁ પર ઈમામે હક્કની બયઅતની બાબતમાં જે નુકતએ નૂર અને ઈલ્મે જારીની ઈલ્મે હકીકતમાં બયાની આવેલી છે તેના ભારી-સખ્ત અલ્ફાઝના ખઝાના ખોલતા નથી, પણ દાઅવતે હક્કના હરમમાં આજ તક આ અકીદા પર થાતી રસમ જારી છે કે, **મીસાક બગૈર મુમિનનો કોઇ અમલ કુબૂલ થાશે જ નહીં.** લેહાઝા, હર સાલ ઈદે ગદીરે ખુમ્મના મુબારક યૌમે સાહબે દાઅવત મુમેનીનનો અહદો બયઅત નવો કરે છે, જેથી કોઈ ગુનાહ-ભૂલ થઈ હોય તે દુરૂસ્ત થઈ જાય અને મુમેનીનની ઝિંદગીના આઅમાલ તે જ વકતથી ઉસ્તવાર થઈ જાય અને ઈમામે હક્કની વલાયતનો રિશ્તો મઝબૂત થાય.

**✳ મૌત અને તેના પહેલાનો અમલ :**

આજના વકતમાં આ બયઅતની રસમ સાહબે દાઅવતે બાલિગ દીકરા-દીકરીઓ યા હજ્જે બયતુલ્લાહ-ઉમ્રાહ મુબારકાહ પર જાનાર મુમિનો યા ઈદે ગદીરે ખુમ્મના મૌકા પર જ ખુસૂસી રાખી નથી. પણ જેમ અપની ઈસ્માઈલી-તૈયેબી મઝહબમાં આ અકીદાની એહમીયત છે, તેમ આ મીસાકની રસમની અદાયેગી કોઈ મુમિન જે વકત બીમાર થાય છે અને દરાઝ મુદત તક લાઝિમે બિસ્તર યા કૈદે મરઝ રહે છે, તેના વાસ્તે પણ અદા કરવા રગબત આવેલી છે. મુમિન બીમાર થાય છે, તો તેના જિસ્મમાં ફસાદ પૈદા થાય છે. જેમ ઈમાનના ગુલ્શનમાં કુફ્ર અને નિફાકના કાંટા બદ-સૂરતી અને ખટકો પૈદા કરે છે તેમ મરીઝના જિસ્મમાં તેની તબીઅતના ઘટકોમાં ઊંચ-નીચ વાકેઅ થાવાના સબબ એ બીમાર થાય છે અને તેને દૂર કરવા વાસ્તે ઈલાજ-દવા કરવું વાજિબ થાય છે. **રૂહ અને નફસના ફસાદનો ઇલાજ ઇમામે હક્કને બયઅત-મીસાક આપવું છે.** મુમિન મરીઝથી આ મીસાક લેવાના સબબ જે જૌહર મુમિનના દિલમાં મૌતને વકત મોહય્યા થાવો જોઈએ તે એને હાસિલ થાય છે અને આ બા-બરકત મીસાકની દોઆથી યા તો મુમિન મરીઝ બંદો શિફાયાબ થાય છે યા આખેરતમાં એની રૂહની નજાતને

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**તે કામ જે બીજાના ચહેરા પર ખુશી લાવે, તે પોતાની ખુશીના કામ કરતા ખૈર છે.**

## -::: ગુલ્શને ફિક્હ : દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્રિ :::-

### : અઝાન અને ઈકામત :

➢ ઈમામે આલે મોહંમદ (સ.અ.) ફરમાવે છે કે, નાફેલતની નમાઝ પહેલા કોઈ શહાદતનો કલેમો નથી. યાઅની કે, અઝાન યા ઈકામત નથી. નમાઝે નાફેલત પઢનાર શખ્સ અઝાન કીધા બગૈર તેને અદા કરી શકે છે. નાફેલતની નમાઝ વાસ્તે કોઈ ગિન્તી મુકર્રર નથી, નમાઝી જેટલી ચાહે એટલી નમાઝે નાફેલત પઢી શકે છે, પણ ફરઝ અને સુન્નતને અદા કીધા બાદ. લેહાઝા, નાફેલતને ઈબ્તેદા કરવા વાસ્તે કોઈ મખ્સૂસ દોઆ રાખવામાં આવી નથી.

➢ આપ મૌલા ફરમાવે છે કે, અંધા-નાબીના શખ્સ વાસ્તે અઝાન અને ઈકામત દેવા બાબત રૂખ્સત આવેલી છે. યહાઁ તક કે, તે શખ્સ ઈમામતની નમાઝ પણ પઢાવી શકે છે. શરત ફક્ત તે છે કે, એને કિબ્લા રૂખ ઉભો કરવામાં આવે. ઈબ્ને ઉમ્મે મકતૂમની કૈફીયત પણ આ જ મુજબની હતી યાઅની એમની આઁખોની રોશની જાતી રહી હતી, પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે એ અઝાન દેતા હતા.

➢ આપ મૌલા અલી (અ.સ.) થી રિવાયત બયાન કરે છે કે, જે વક્ત આપે ઉંચી મેઅઝનાહ-અઝાન દેવાની જગા જોઈ તો આપે તેને નીચી કરવાનો હુકમ કીધો અને ફરમાવું કે, મસ્જિદની સતેહ યા તેના આસપાસના ઘરોની છત કરતા ઉંચી જગા પરથી અઝાન ન દેવી જોઈએ. આપનું આ ફરમાન એવી અઝાન-ગાહો વાસ્તે છે, જહાઁથી લોગોના ઘરોનો અંદરૂની હિસ્સો નઝર આવતો હોય, ઘરની જગા ખુલ્લી દેખાતી હોય અને મુઅઝ્ઝિનની નિગાહ ઘરના બાતિની ઊમૂર પર પડતી હોય. આમ જો થાય, તો લોગોને મઝર્રત-તકલીફ પહોંચે અને એ સઘલાના હરમના બૈરાઓની બેપરદગી થાય અને નમાઝની દાઅવત દેનાર વાસ્તે આમ કરવું જાઈઝ ન થાય.

➢ આપ મૌલા ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતે મુબારકાહ એ છે કે, જે શખ્સના ઘરમાં ફરઝંદ પૈદા થાય તો ઘરવાલા પર વાજિબ છે કે, એના જમણા કાનમાં અઝાન દે અને ડાબા કાનમાં ઈકામત કહે. શહાદતનો આ કલામો પઢવાથી બચ્ચું શયતાનથી બચી જાય છે. રસૂલે સકલૈનના આ ફરમાન પર મેં અમલ કીધો, જે વક્ત મારા ઘરમાં હસન અને હુસૈનની પૈદાઈશ થઈ. આ સાથે આપ નબી સાહબે એ પણ ફરમાવું કે, હું મારા બેવે શાહઝાદાઓના કાનમાં સૂરતુલ ફાતેહા, આયતુલ કુરસી, સૂરતુલ હશરની આખરી રૂકૂઅ, સૂરતુલ ઈખ્લાસ, સૂરતુલ ફલક અને સૂરતુન નાસ પણ પઢું.

➢ અલ્લાહતઆલાએ આ દુનિયાને દારૂલ આફાતે વલ બલીયાત બનાવેલું છે યાઅની આફતો અને બલાઓનું ઘર. કોઈ શખ્સ એમ સમઝે કે, યહાઁ એ ઘણો જ મહેફૂઝ છે, સલામત છે તો એનું આમ સોચવું ઘણું જ ખતા ભરેલું છે. આ દુનિયામાં આસ્માની-સુલ્તાની, જિસ્માની-નફસાની, ઝાતી-સમાજી વગૈરાહ આફતોથી ઈન્સાન ઘેરાયેલો છે, બલાઓના કૂઁવામાં ફસાયેલો છે. બે ઘડી સુકૂન મિલે કે, ફૌરન આફત દસ્તક દે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, બલાઓ જો તમારો પીછો ન છોડે, તમેં રાહ ભટકી જાવ, તમેં ખૌફો ખતરમાં ગિરફતાર થઈ જાવ, તમારી જાનને ખતરો હોય યા તમને ભૂતરાઓ અને ખરાબ નફસો સતાવતી હોય, તો તમેં અઝાન દો. અઝાનની બરકતથી અલ્લાહતઆલા તમામ તરહની બલાઓને દૂર કરે છે. ★

---

*(પેજ નં. ૩ નું બાકી)* ***મુમિનની મૌત, ઝિંદગી છે.....***

વાસ્તે રસ્તો આસાન થાય છે. **નઝદીકના માઝીમાં જ જમાઅતમાં બેશુમાર કિસ્સા મરીઝથી બયઅત લેવાના બના છે.** મુમેનીન એમના ઘરના સખ્ત બીમારીમાં મુબ્તેલા મરીઝોનો બયઅતે ઈમામે હક્ક થાય તેની અરઝ દાઅવતે શરીફાહમાં કરે છે. આની અદાયેગી થાવા બાદ ચંદ વક્તમાં જ અલ્લાતઆલાએ બાઝને શિફા ઈનાયત ફરમાવી અને આજે તે સાહબો તંદુરસ્ત અને બાસેહત ઝિંદગી ગુઝારી રહ્યા છે અને બાઝ જે ઘણા જ શદીદ હાલતમાં બીમાર હતા કે, જે બરદાશ્તગીની હદો થી બાહર હતી, તે સાહબોને ઈમામે હક્કની બરકાતના સબબ અલ્લાહતઆલાએ જિવારે રહેમતમાં અને હકીકી જન્નતમાં લઈ લીધા છે. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની દોઆથી અલ્લાહતઆલા હર અલવી મુમિનની ઝિંદગીનો અંજામ ખૈરીયત અને બયઅતની દુરૂસ્તગી સાથે કરે જેથી મુમિનની મૌત એના વાસ્તે હકીકી ઝિંદગી બની જાય. ★

**હક્કના દાઈ સાથે મોહબ્બત રાખવી, તે કૌમના તમામ મુમેનીન સાથે મોહબ્બત રાખવા મુજબ છે.**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) - કિસ્ત : ૩

મૌ.સલમાન (રિ.અ.) કૈદથી નિકલા બાદ શામમાં ઈસાઈ પાદરીના ઘરમાં રહ્યા અને એની ખિદમતમાં રહીને દીને નસારા (ઈસાઈ મઝહબ) ની તાઅલીમ હાસિલ કરતા રહ્યા. જે વક્ત એ પાદરી વફાત થઈ ગયા તો આપ પાદરીની હિદાયત મુજબ મૌસિલ શહેરમાં ચાલા ગયા. ત્યાં ઈસાઈઓની ઘણી મોટી આબાદી હતી, ઈબાદતખાનાઓ હતા, ઈસાઈ મઝહબના બલંદપાયા આલિમો અને પાદરીઓ રહેતા હતા. મૌસિલ શહેર તે વક્ત ઈસાઈઓની તહેઝીબ અને ઈલ્મી સરગરમીઓ વાસ્તે મશ્હૂર હતું. આપે ત્યાં એક મોટાં પાદરીને નઝદીક તાઅલીમ હાસિલ કરવામાં વક્ત સર્ફ કીધો. એક મુદત તક આપ મૌસિલમાં રહ્યા અને ત્યાં એ પાદરીએ આપને કહ્યું હતું કે, મારા વફાત બાદ તમેં નસીબૈન ગામમાં જા જો અને ત્યાં ઈલ્મ હાસિલ કરજો. પાદરીના વફાત બાદ આપ નસીબૈન ગયા અને ત્યાં પણ જે પાદરી પાસે આપ ઈલ્મ પઢતા હતા, એ પણ વફાત થઈ ગયા. એના કહેવા પર આપ ઊમૂરીયાહ શહેરમાં આવા કેમકે તેએ આપના વાસ્તે એક પાદરીને સિફારિશનામું લખી આપું હતું. આ પાદરી પાસે આપ એક દરાઝ મુદ્દત તક રહ્યા અને જે વક્ત આપને થયું કે, હવે પાદરી ઘણા જ ઝઈફ થઈ ચુકા છે, તો આપે પૂછ્યું કે, "અય સાહબ ! હવે આપ મને કઈ જગા જાવાની હિદાયત કરો છો".

પાદરીએ જવાબ આપો કે, "અય ખુદાના નૈક બંદા માઝેબા હમારા મઝહબે ઈસાઈમાં હવે કોઈ શખ્સ દીનદાર અને મુત્તકી રહ્યો નથી, જ્યાં જાવાની હું તમને સિફારિશ કરૂં. મગર, અય બંદા, **કરીબમાં જ અરબની ઝમીનમાં ખુદાના એક નબી, આસ્માની કિતાબ લાવનાર સાહબ ઝુહૂર ફરમાવશે.** ખુદાના આ નબી તમામ નબીઓના સરદાર હશે, ખુદાના મઝહબની બુનિયાદ મુકશે, ખુદાના દીનને તકવા અને ઈબાદતથી મઝબૂત કરશે, લોગોને દીને ઈબ્રાહીમ (અ.સ.) તરફ દાઅવત કરશે, એમની સિફત એ હશે કે, સદકાને કુબૂલ નહી કરે પણ હદીયાને કુબૂલ ફરમાવશે, એમના બેવે ખભાના દરમિયાન નુબૂવતની મોહર હશે. તો અય માઝેબા, જે વક્ત આ નબીએ અરબી ઝુહૂર ફરમાવે તો તમેં એમના દીનને કુબૂલ કરી લેજો, એમની હર વાત પર ઈમાન લાવજો, એમના મુખાલિફો સાથે જંગ કરજો. એમના સબબ ખુદા તમારાથી રાઝી થાશે, શું કામ ન થાય ? કેમકે, એમનું દીન સઘલા દીનો કરતા બહેતર અને અફઝલ દીન હશે. તમારી એમના સાથે મુલાકાત થાય, પછી એમની તાઅત અને મોહબ્બત એક પલ પણ ન મુકજો કે, જેથી તમને દીનો દુનિયાની સઆદતમંદી નસીબ થાશે." ★

---

*(પેજ નં. ૧૦ નું બાકી)* ***આઈનએ દરસે તૈયેબી.....***

✪ કુરઆને કરીમ બાબત, કુરઆનમાં બયાન છે કે, ઈરશાદે ઈલાહી થાય છે કે, કુરઆનના ઝરીએ હમેં તે ચીઝને ઉતારીએ છીએ કે, જે મુમેનીન વાસ્તે શિફા અને રહેમત છે. બેશક, કુરઆન (આલે નબીએ હક્ક) ના ઝરીએ ગુમ્રાહી, જહાલત, શિર્ક, કુફ્ર, નિફાક અને શક-શુબેહથી લોગોને શિફા હાસિલ થાય છે. શિફા થાવી, યાઅની કોઈ શખ્સનું દાઅવતે હક્કના હરમે આમીન-અમાનત વાલા દામનમાં દાખિલ થાવું છે. કુરઆને કરીમની હયરત-અંગૈઝ તાસીર બાબત રિવાયતમાં છે કે, વલીદ બિન મુગીરાહ એ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી ઈલાહી કલામ સાંભલવાની ખ્વાહિશ કીધી. તે વક્ત આપ નબી સાહબે સૂરતુન્નહેલની "ઈન્નલ્લાહા યાઅમોરો બિલ અદલે" ની આયતની તિલાવત ફરમાવી. આપની કિરાતથી મોતઅસ્સિર થઈને વલીદ બોલો કે, બેશક, આ કલામમાં હયરત-અંગૈઝ હલાવત (શીરીની), તરાવત (તાઝગી), લતાફત (બારીકી), બલાગત (કલામની ખૂબસૂરતી) અને ફસાહત (ગહેરાઈ) છે. આ આયતે શરીફાહ સાંભલીને એ પોતાની કૌમને નઝદીક ગયો અને લોગોને ભેગા કરીને કુરઆનના અલ્ફાઝ પઢી સંભલાવા અને બોલો કે, કુરઆનના કલામ એવા આઅલા છે કે, તેના તેહ તક જાવું ઈન્સાની તાકતથી બાહર છે. ★

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**વક્ત ઘણો કીમતી છે અને બીજાના કામ વાસ્તે વક્ત નિકાલવો તે ઘણો ફાયદાબખ્શ વક્ત છે.**

## -::: તારીખે તૈયેબીના સફહાતમાંથી :::-
## અલ-મલિક અલ-મુકર્રમ સૈયેદેના અહમદ અસ-સુલૈહી (રિ.અ.)
અને
## અસ-સૈયેદાહ હુર્રતુલ મલેકાહ અરવા બિન્તે અહમદ (રિ.અ.)

(ગયા શુમારાનું બાકી)

મૌ. ઈમામ આમિરે મૌલાતોનાના ઝરીએ યમનમાં દાઅવતના શહેરોમાં વસતા મુમેનીન પર ઝાહિર કરી દીધું હતું કે, તેઓના બાદ તેઓના નાના શાહઝાદા મૌ. તૈયેબ ઈમામતના ધણી છે. મિસિરના બદલાતા માહૌલના પણ આપ ઈશારામાં ઘણી વકત ખબર કરતા હતા. ખાસ કરીને યમનમાં મૌલાતોનાને આપ વારંવાર કાગઝો મોકલીને તેમજ કાસિદો મારફત પૈગામ મોકલીને ૧૮ માં ઈમામ મૌ. મુસ્તનસિર (અ.સ.) ના વક્તથી જ સતરની તૈયારી ઈબ્તેદા થઈ છે તેની યાદ પર યાદ આપીને જે અમલ કરવાનું ખુદા અને ખુદાના વલીઓની રઝામંદી અને કિમતથી નકકી થયેલું છે તે વાસ્તે તૈયાર રહેવાની ઝરૂરત ઝાહિર કરતા હતા. મૌલાતોના, ઈમામની હઝરતમાં હર સાલ મુમેનીનની વાજેબાતની રકમો, હિન્દ-સિંધ અને યમનના ઈમાનદારોની હાજતો, દાઅવતના ઊમૂરની ઈ'ઝતો, અરઝીઓ તેમજ ખુદાના તરફથી નજવા અને હદીયાહ મોકલાવતા હતા. આપે આપની હયાતીમાં જ હકકુન નફ્સની અદાયેગી અનેકવાર કરી હતી. આ તમામ અરઝો, વાજેબાત અને હદીયાઓના જવાબ ઈમામે હકક તરફથી તહેરીરશુદા કાગઝોમાં આવતો હતો અને તેના સાથે સાથ કીમતી ચીઝો આપને મોકલાવાતી હતી.

મૌ. ઈમામ આમિર (અ.સ.) ની શહાદતની ખબર પણ આ જ મુજબ મૌલાતોનાને એક જૂના પુરાના રૂમાલને ઝરીએ કરવામાં આવી. ઈમામની શહાદત મિસિરમાં ૫૨૬ હિ. માં, ૪ ઝિલકાદે વાકેઅ થઈ અને તે બાદ આપનો કકેરો ભાઈ અબ્દુલ મ'દ સલ્તનતનૌ માલિક બની ગયો, ઈમામ હોવાનો દાવો કીધો અને તે અરસામાં મૌ. ઈમામ તૈયેબ (અ.સ.) પોતાના દોઆત અને અહ્લે હરમ સાથે સતરમાં ચાલા ગયા. મૌલાતોનાએ અબ્દુલ મ'દની આ ગદ્દારી અને દાવાના ખિલાફ ખૂબ સખ્ત કલામ ફરમાવા કે, અય અબ્દુલ મ'દ, યાદ રાખજે કે મેં અહમદની દુલારી છું, તારો મકર મારા પર ચાલી શકવાનો નથી. હું તને આગાહ કરું છું કે, તુએ અમાનતમાં ખયાનત કીધી છે, તારી હદને મૂકીને બી'ના હકકને મારેલો છે, આ જ ચીઝ તુને હલાક કરશે. યમનમાં તારા કે તારા લોગોના નહેસ કદમ પડી શકવાના નથી. તું હંમેશા હમારાથી હુશિયાર રહેજે. અબ્દુલ મ'દ બાદ એના ત્રણ સુલતાન થયા જેઓ ૫૬૭ હિ. માં નાબૂદ થઈ ગયા અને મ'દી ફિરકાના લોગોએ પણ તેઓનું અસલી મઝહબ મૂકી દીધું.

મૌ. હુર્રતુમલેકાહ, મૌ. ઈમામ આમિર (અ.સ.) બાદ ૬ સાલ ઝિંદા રહ્યા. આ મુદ્દતમાં આપ આપના કાસિદો અને ખાસ દોઆતના મારફત ૨૧ માં ઈમામ તેયેબ (અ.સ.) ની હઝરતે બા રહેમતમાં હદીયાઓ અને નવાઝેશાત મોકલાવતા હતા, વાજેબાત અરઝ કરતા હતા અને તેનો લેખિત જવાબ આપની તરફ આવતો હતો. અજબ મૌલાતોનાનૌ અકીદતમંદી, શાન અને મકામ હતો. ઈમામના ઝુહૂર અને સતર બેવે ઝમાનમાં આપ યમનમાં હુજ્જતના દર'ના માલિકન હતા. ઝાહિર અને મખ્ફીમાં આપ ઈમામ તૈયેબ (અ.સ.) ની તરફ તમામને દાઅવત દેતા હતા. ગામેગામ ઈમામ પર નસ્સેજલી થઈ હોવાના ઈમામી ફરમાનના કાગઝો વંચાવી મ'દીઓ અને એવા જ બી' જૂઠા દાવેદારોની ગુમ્રાહીથી મુમેનીનને બચાવતા હતા. હુદૂદ અને મુમેનીનને પડદા પાછલ બેસીને દાઅવતની તાઅલીમ આપતા હતા. આજ તરીકાથી આપ વરસો તક અઈમ્મતે હકકના મઝહબે પાકની ખિદમત કરતા રહ્યા યહાં તક કે આપ ૯૨ સાલની દરાઝ ઉમર પર પહોંચા. આપને લાગું કે આપનો ઈન્તેકાલ

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**ફકત ખુદના વાસ્તે ઝિંદગી જીવનાર શખ્સ મૌતવાલી ઝિંદગી જીવે છે.**

## -::: સૂરતુલ ફાતેહાના ફાયદા :::- કિસ્ત-૩

➢ **"માલિકે યૌમિદ્દીન"** બાદ સૂરતુલ ફાતેહામાં "ઈય્યાકા નાઅબોદો" ની આયત છે. જેના કુલ હુરૂફ ૮ થાય છે. આ સૂરતના યહાઁ તકના કુલ હુરૂફની ગિન્તી જે ૪૨ હતી તેમાં ૮ મિલાવવાથી ૫૦ ની થાય છે. અલ્લાહતઆલાએ કયામતના દિનને ૫૦ હઝાર વરસનો બનાવેલો છે. તો સૂરતુલ ફાતેહાને પઢનાર શખ્સ કયામતના દિનના અઝાબથી હિફાઝત અને અમાનમાં રહેશે. હઝારો સાલના યૌમે કયામતની સખ્તી અને હિસાબ-કિતાબની દુશ્વારી એને નડશે નહીં, પણ ઈત્મિનાને દિલ સાથે પલભરમાં એને અલ્લાહ તરફથી નેઅમતો હાસિલ થઈ જાશે.

➢ તે બાદ **"વ ઇય્યાકા નસ્તઇન"** ની આયતે શરીફાહ છે, જેના કુલ ૧૧ હુરૂફ છે. આગલા ૫૦ હુરૂફ સાથે આ આયતને મિલાવવાથી કુલ ૬૧ હુરૂફ થાય છે. આ બન્ને આયતના મફહૂમમાં અલ્લાહતઆલાની ઈબાદત અને એનાથી જ ઈઆનત (મદદ) તલબ કરવાની વાત છે. હમ-ગમ અને આફતો બલાથી નજાત હાસિલ કરવા મુખ્લિસ બંદા પાસે અલ્લાહતઆલાની ઈબાદત અને એની નઝરે કરમ સિવાય બીજો કયો રસ્તો છે! "ઈય્યાકા નાઅબોદો વ ઈય્યાકા નસ્તઈન," ના કુલ હુરૂફ ૧૯ થાય છે, જે "બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ" ના ૧૯ હુરૂફ મુજબ છે. આ આયતની તસ્બીહ કરવાથી અલ્લાહ અને એના વલીયોથી રૂહાની ફૈઝ હાસિલ થાય છે. અલ્લાહતઆલાએ દુનિયા અને આસ્માનને દરમિયાન ૬૧ દરિયા પૈદા કીધા છે, તો યહાઁ તક આ ૬૧ હુરૂફ વાલી આયતોને પઢનાર વાસ્તે આ દરિયાઓમાં જેટલા પાનીના કતરાઓ હોય તેટલી નૈકીઓ (હસનાત) લખવામાં આવશે અને એ જ મુજબ તેના પઢનારની બુરાઈઓ (સૈયેઅત) મિટાવવામાં આવશે.

➢ "ઈય્યાકા .......... નસ્તઈન" ની આયત બાદ **"એહદેનસ સિરાતલ મુસ્કીમ"** ની આયત છે. આ આયતના કુલ હુરૂફ પણ ૧૯ છે, જે "ઈય્યાકા ......... નસ્તઈન" ને મુજબ છે. અલ્લાહતઆલાથી બંદો દોઆ કરે છે કે, "હિદાયત આપે અલ્લાહ સીધા રસ્તાની". આ રસ્તો તે છે કે, જે અહલુલ બૈત (અ.સ.) એ સચ્ચાઈ અને વફાદારી પર બનાવેલો છે. કોઈ લાખ વક્ત આ દોઆ પઢે પણ જો એના હાથમાં હાદીએ આઅઝમ ઈમામુઝઝમાન (અ.સ.) ની વલાયતો ઈમાનનું દામન નથી તો એને રાહે હક્કની હિદાયત કોઈ વક્ત હાસિલ થાશે નહીં. પણ જે ઈમામુઝઝમાનની દાઅવતમાં છે અને આ આયત પઢશે તો અલ્લાહતઆલા એને જહન્નમના ૧૯ ફરિશ્તાઓના અઝાબથી મહેફૂઝ રાખશે. "બિસ્મિલ્લાહ....", "ઈય્યાકા નાઅબોદો....." અને "એહદેના......", આ ત્રણે આયતોના ૧૯-૧૯ હુરૂફ છે, તે એક જ સૂરતમાં છે અને તેની તસ્બીહથી થાતી તાસીર અને બરકાત પણ એક-બીજા સાથે જોડાયેલી છે. અલ્લાહના મુબારક નામોનો ફૈઝ, ઈબાદત, અલ્લાહથી મદદ, હિદાયત અને રાહે હક્ક, આ તમામ શરીઅતના ૭ અરકાન અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો, એમ કુલ ૧૯ અહમ અરકાન પર દારોમદાર રાખે છે. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)* ***તારીખે તૈયેબીના સફહાતમાંથી.....***

કરીબ છે તો આપે પોતે વસીયત લખી ફરમાવી જેમાં અલ્લાહ તઆલાની હમ્દો સના બાદ તમામના વસીલા લઈને આપે માલ-મિલ્કીયતની નાનામાં નાની ચીઝોની નોંધ લીધી અને શરીઅત મુજબ તકસીમ કરવાની હિદાયત દીધી.ઐકી-નૈકી સાથે ઝિંદગી ગુઝારવાની સાથે ઈમામ તરફથી કાઈમ કરવામાં આવેલા દાઈયુલ મુત્લક સૈ. ઝોએબ બિન મૂસાની ઈતાઅત, ખિદમત અને વલાયત રાખવાની તાકીદ કીધી.


જે વક્ત ૨૨ શાઅબાન ૫૩૨ હિ.માં આપ ઈન્તેકાલ કરી ગયા તો આપને આપની વસીયત મુજબ આપની બંધાવેલી મસ્જિદમાં આપે મુકર્રર કીધેલી ગૈર વકફની જગામાં દફન કરવામાં આવા. મુમેનીન તો સહી પણ ત્યાંના રહેનારા મુસ્લેમીન તમામ આપની ઝિયારતનો શરફ હાંસિલ કરે છે, તેનાથી બરકત લે છે, મિન્નતો લે છે અને આપનો વસીલો લઈને રબ્બુલ ઈઝઝતને નઝદીક દોઆઓ માંગે છે. ઝીજબલા જે વક્ત દોઆતના હાથમાંથી નિકલી ગયું અને ગૈરના કબ્ઝામાં જઈ ચઢું તો ઘણા સુલતાન અને હુકમરાનોએ આપની કબરને મિટાવવાની કોશિશ કીધી પણ આપની કબરની હુરમત અને કરામતના સબબ એ લોગો પર હકક ઝાહિર થયો અને આજતક કબર એની અસલી જગામાં મૌજૂદ છે. ★

**નૈક લોગોની ખિદમત કરવા વાસ્તે ઝિંદગી જીવનાર શખ્સ ઝિંદગીવાલી મૌત જીવે છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) ઉમ્મીદ, ખ્વાહિશ, આરઝૂ. (૨)

(૨) બયતુલ મુકદ્દસમાં એક નમાઝ પઢવાનો સવાબ એક ------- નમાઝ જેટલો છે.(૩)

(૩) નાપાક, ગંદુ. (૩)

(૭) મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની તખ્તે વલાયત પર તાજપોશીનો દિન શીઅયાને અલી વાસ્તે ----- નો દિન છે. (૨)

**આડી તરકીબ :**


(૨) અપના પહેલા ઈમામ મૌલાના ------ (અ.સ.) છે. (૩)

(૪) અમલ, જિસ્મ છે તો દાઈએ હક્કની ----- તેની જાન છે. (૨)

(૫) અફસોસ કે, લોગો નૈકી કરતા નથી અને ---- ની ઉમ્મીદ રાખે છે (૨)

(૬) રાહે રાસ્ત પર રહેવા વાસ્તે કૌમના ---- ની તાબેઅદારી ઝરૂરી છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




**સહીહ જવાબ આપનાર :** ઝહરાબુ નૂરૂદ્દીન રંગવાલા. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

| | |
|---|---|
| નામ | : **અકબરઅલી તૈયબઅલી સૂતરવાલા** |
| વફાતની તારીખ | : ૭ જુમા.ઊલા ૧૪૩૨ / ૧૦-૪-૨૦૧૧. |
| સરનામું | : વારિસ પાર્ક, ગોરવા. |
| ફોન | : ૦૯૩૭૪૯૯૯૨૨૬ |

-------------------------------------------------------

| | |
|---|---|
| નામ | : **હસન મઝહરઅલી કોન્ટ્રાક્ટર** |
| વફાતની તારીખ | : ૧૧ જુમા.ઊલા ૧૪૩૨ / ૧૪-૪-૨૦૧૧. |
| સરનામું | : જુહાપુરા, અહમદાબાદ. |
| ફોન | : ૦૯૮૨૫૪૧૨૬૮૧ |

-------------------------------------------------------

| | |
|---|---|
| નામ | : **રશીદાબુ અબ્દુર રસૂલ ઝરીવાલા** |
| વફાતની તારીખ | : ૧૯ જુમા.ઊલા ૧૪૩૨ / ૨૨-૪-૨૦૧૧. |
| સરનામું | : અમન કોલોની, આજવા રોડ, વડોદરા. |
| ફોન | : ૦૨૬૫-૨૫૬૩૩૩૮ |

-------------------------------------------------------

| | |
|---|---|
| નામ | : **શેહાબુદ્દીન અકબરઅલી બાલડીવાલા** |
| વફાતની તારીખ | : ૨૦ જુમા.ઊલા ૧૪૩૨ / ૨૩-૪-૨૦૧૧. |
| સરનામું | : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા. |
| ફોન | : ૦૨૬૫-૨૫૬૫૯૩૦ |

-------------------------------------------------------

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.) ★

## -::: ઝાહેર ખબર :::-

**બદરી સ્વીટ્સ**

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

## -::: નમાઝ, આઁખોની ઠંડક છે... :::-

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) એ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતના બાબત સવાલ કીધો તો આપે ફરમાવું કે, (૧) નાઅરેફત મારી પૂઁજી છે. (૨) મોહબ્બત મારી બુનિયાદ છે. (૩) અલ્લાહની ઝિક્ર મારી ઉન્સત-કરારીયત છે. (૪) ગમગીની મારો દોસ્ત છે. (૫) ઈલ્મ મારૂ હથિયાર છે. (૬) સબર મારી રિદા છે. (૭) રઝામંદી મારી ગનીમત છે. (૮) ફકીરી મારો ફખર છે. (૯) દુનિયાથી ઝોહદ મારો શૌક છે. (૧૦) યકીન મારી કૂવત છે. (૧૧) સચ્ચાઈ મારો આધાર છે. (૧૨) તાઅત મારો હસબ-નસબ છે. (૧૩) જેહાદ મારો અખ્લાક છે. (૧૪) મારી આઁખોની ઠંડક મારી નમાઝ છે. ★

**ઔલાદની તરબીયત ખાતિર માઁ-બાપનું મહેનત-મશક્કત ઉંચકવું એક આઅલા જેહાદ છે.**

-::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.** ★

---

## SAT KABIR MOTORS

- ✻ Service & all type of Repairs for all Car's
- ✻ CNG & LPG Govt. Approved Kit Fitting.
- ✻ Service with Quality, Confidence & Honesty.
- ✻ Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318

Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex, Near Suraj Plaza Building, Sayajigunj, Vadodara - 390 005.** ★

---

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

-::: ઝાહેર ખબર :::-

## IMAGE ACCOUNTANCY

Ibrahim H. Tinwala

M.: 9898442032

Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

## ZULFI TRAVELS

Zulfiqarali H. Tinwala

M.: 9974382384 (R) 2510639

Govt.Authorised IRCTC Railway Agent

Contact for all types of Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.** ★

---

## દેસી ટ્રીટ

**જમાઅતમાં પહેલી વાર.....**

**લાજવાબ છે સ્વાદ, ઝબાન રાખે યાદ**

**પૂરી સર્વીસ સાથે કોઇ પણ ખુશીના પ્રસંગે વાનગીઓ કે થાલના ઓર્ડર લેવાશે....**

જીએફ-૬, સાંઇ વિહાર એપાર્ટમેન્ટ, એમ્પરરની સામે, ફતેહગંજ, વડોદરા - ૦૨.

**મઝહર જે. શીરાવાલા**

**Ph.: 2780792, 9574957695.** ★

---

## બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**

**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**

***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯..

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**

**મો.: ૯૯૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✪ સરવરે કાએનાત મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌલાએ કાએનાત અલી વલીયુલ્લાહ (અ.સ.) ને ફરમાવું કે, અય અલી ! આપ મુમેનીનના "યાઅસૂબ" છો, અમીરૂન્નહેલ છો. "યાઅસૂબ" યાઅની સરદાર અને નહેલની માઅના મુમેનીનની છે જેનો મતલબ અમીરૂલ મુમેનીનનો થાય છે. મધમાખીઓના પૂડા (છત્તા) માં એક યાઅસૂબ (સરદાર) હોય છે જેના હુકમથી મધમાખીઓ કામ કરે છે અને જ્યાં પણ તે યાઅસૂબ જાય છે ત્યાં મધમાખીઓ તેના સાથે જ જાય છે. એ જ મિસિલ મૌ.અલી (અ.સ.) ના શીઆ મુમેનીન એમના મૌલા અલીના ફરમાંબરદાર રહે છે અને મૌલાને સાથે જ રહે છે અને આપની જ હિદાયત પર ચાલે છે.

✪ જેમ એક કાશતકાર (ખેડૂત) ખેતી કરે અને સહી તરીકાથી એના ખેતરમાં બીજ બોઇ, તેની સાલભર દેખરેખ રાખે તો તેના નઝદીક સૂખી-બંજર ઝમીન પણ બાગ બની જાય છે, તેમ હર ઈન્સાન સહી તરીકાથી ખુદના જાનમાં વલાએ અલી (અ.સ.) ના તુખ્મ-બીજને બોઇ - જે મૌ.અલીની વલાયત જન્નતનું બીજ છે - સાથે ઈલ્મો અમલથી તેની આબદારી કરે, ખાતર-પાની આપે તો એ ઈન્સાને મુમિન ખુદ પોતાની ઝાતમાં એક બાગ બની જાય છે. જન્નતની એક હસીન ક્યારી બની જાય છે, રૂહાની દિલકશ રૌઝો બની જાય છે. હકીકતમાં મૌ.અલી અને આપની આલે અત્હરના અઈમ્મત-દોઆતમાં યકીન રાખનાર સાચા શીઆ જન્નતની આયતો માંથી છે અને આપ તથા આપની આલના મુખાલિફો જહન્નમની આયતોમાંથી છે.

✪ બેકાર લાગતી ચીઝોથી ભલી ચીઝો નિકલે છે. અન્આમ-ચોપાયા જેમાં ગાય, બકરી, ઊંટણી વગૈરાહ શામિલ છે, તેના પેટોમાં જે વક્ત જમન પચે છે, તો તેના ઉપરના હિસ્સામાં ખૂન હોય છે, નીચે ગોબર હોય છે અને આ બેવેના દરમિયાન ખાલિસ દૂધ હોય છે. અલ્લાહની આ અજબ કુદરત અને બાઈસે ઈબરત પૈદાઈશ છે. ખજૂરીઓ અને વેલાઓથી ખજૂર અને અંગૂર નિકલે છે, મધમાખીઓથી શહેદ (મધ) અને હરણની ડૂંટીથી કસ્તૂરી નિકલે છે.

✪ રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, તમેં મધમાખીઓ જેવા બનો કે જે પાક ચીઝ જમે છે અને પાક ચીઝ નિકાલે છે, અલ્લાહતઆલાએ તેની પૈદાઈશ પાકીઝગી પર કીધેલી છે. પણ ઝમીનનું જમન ગંદકી અને ઢોર-ઢંકરની નજાસતનો નતીજો હોય છે યાઅની ખાતર, પણ તે પાક ચીઝો જેવી કે અનાજ, ફલ, ફૂલ વગૈરા આ ઝમીનમાંથી જ નિકાલે છે. ઈન્સાનની હકીકત એવી છે કે, એ પાક જમે છે પણ નજાસત-નાપાકી નિકાલે છે. ખિન્ઝીર-સૂવર જેવા નાપાક જાન્વરો નજાસત-ગંદકી ખાય છે અને નજાસત જ નિકાલે છે.

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★